## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



આ ઠંડીમાં હું રોટલા નથી બનાવવાની, લો આ મોબાઈલ ફુડ પાર્સલ ઓર્ડર કરી દો...

# બાલવા સહકારી મંડળી છેલ્લા એક વર્ષથી બંધ

## મંડળી બંધ હોવાથી ખેડુત લોન, યુરીયા-રાસાયણીક ખાતર તેમજ પાક ધીરાણ ખેડુતોને મળતી નથી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક આવેલા બાલવા ગામની સહકારી મંડળીની કચેરી ખાતે છેલ્લા એક વર્ષથી તાળુ લટકી રહ્યું છે. સહકારી મંડળી બંધ હાલતમાં હોવાથી ગામના ખેડુતોની હાલત કફોડી બની જવા પામી છે. છેલ્લા એક વર્ષથી ખેડુત લોન, રાસાયણીક-યુરીયા ખાતર, તેમજ પાક ધીરાણ લોન ગામના ખેડુતોને મળી નથી. બાલવા ગામની સહકારી મંડળી કાર્યરત કરવા ગ્રામજનોએ વારંવાર ઉચ્ચકક્ષાએ લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ત્યારે એક વર્ષથી બંધ મંડળી કયારે શરુ થશે તેની રાહ જોઈને ગ્રામજનો બેઠા છે.

બાલવા ગામના અગ્રણી જાગૃત નાગરીકના જણાવ્યા મુજબ બાલવા ગામની બાલવા સેવા સહકારી મંડળી છેલ્લા એક વર્ષથી બંધ હાલતમાં છે, મંડળીની કચેરીએ તાળા લટકી રહ્યા છે. ખેડુતો મંડળીની કચેરી આજે ખુલે કાલે ખુલશે તેની રાહ જોઈને બેઠા છે. મંડળી બંધ હોવાથી ખેડુતોને લોન, રાસાયણીક ખાતર, યુરીયા ખાતર, તેમજ પાક ધીરાણ લોન છેલ્લા ૧૨ માસથી મળતી નથી. આ અંગે બાલવા ગામના ખેડુતોએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હોવા છતા આજદિન સુધી કોઈ કાર્યવાહી થવા પામી નથી. તેમજ બાલવા ગામના ગ્રામજનોએ જિલ્લા રજીસ્ટ્રારમાં ફરીયાદ કરી છે. રજીસ્ટ્રાર કચેરીમાં છ મહિનાના કોઈ રેકોર્ડ મળતા નથી. બાલવા ગામની બાલવા સેવા સહકારી મંડળીમાં છેલ્લા ૧૦ વર્ષથી ઓડીટ કરવામાં આવ્યું નથી. ત્યારે બાલવા ગામના તમામ ગ્રામજનોનું કહેવું છે કે આ મંડળીનું છેલ્લા ૧૦ વર્ષનું ઓડીટ કરી આ સહકારી મંડળી તાત્કાલીક અસરથી શરુ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ગામના ખેડુતોની છે.

# રાજ્યનું આરોગ્ય વિભાગ બન્યું યોગ સત્તાક..!!!

યોગ ભારતની વૈશ્વિક ધરોહર છે અને વિશ્વયોગ દિવસ થકી ભારતીય સંસ્કૃતિને સન્માન પ્રાપ્ત થયુ છે. જેના પગલે દુનિયાભરમાં યોગ-પ્રાણાયામનું વાવાઝોડુ ફુંકાયુ છે. યોગ થકી સ્વાસ્થ્ય જાળવણી જરૂર થાય છે અને એટલે જ કદાચ રાજ્યના સ્વાસ્થ્ય સચિવે આરોગ્ય વિભાગમાં યોગના વર્ગો પ્રારંભ કર્યો છે અને એટલું જ નહી પરંતુ કર્મચારીઓ માટે ફરજિયાત યોગ કરવા સાથે પોતાના સ્વાસ્થ્ય સંબંધી હિસાબ પણ આપવાનું ફરમાવ્યું છે. કર્મચારીઓ આરોગ્ય સચિવના આ ફરમાન થકી 'મેડમ'ના નવા અવતારને નિહાળી 'દિગ્મૂઢ' બન્યાં છે..!! રાજ્યના આરોગ્ય વિભાગના કમિશનર ડૉ. જયંતિ રવિ દ્વારા વિભાગના કર્મચારીઓએ હવે ફરજની સાથોસાથ ફરજિયાત યોગ ક્લાસીસ એટેન્ડ કરવાનું ફરમાન કર્યુ છે. વિભાગના સહ કર્મચારીઓમાં ઉત્સાહ પૂરવા સચિવે પોતે સૂર્ય નમસ્કારથી માંડીને સર્વાંગાસન સુધીના યોગાસન કરાવવાનું શરૂ કર્યુ છે. સચિવાલયમાં યોગાભ્યાસનો પ્રારંભ કરાવનાર રાજયના પ્રથમ આઈએએસ અધિકારી તેઓ બન્યાં છે અને તેમનો આ અભિગમ સમગ્ર સચિવાલય સંકુલમાં ચર્ચાસ્પદ બનવા પામ્યો છે.

# આરએનટીસીપી કરારબદ્ધ કર્મચારી સંઘ દ્વારા પડતર પ્રશ્નોને અંગે આવેદનપત્ર

રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ગુજરાતના તમામ જિલ્લા તેમજ તાલુકા અને ગ્રામ્ય મથકે છેલ્લા બે દાયકાથી વિવિધ કેડરોને અનુલક્ષી ક્ષય નિયંત્રણની કામગીરી દર્દીના સીધા સંપર્કમાં રહી બજાવી રહ્યા છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી પોતાની ૮ પડતર માંગણીઓને લઈ કર્મચારીઓ આંદોલન ચલાવી રહ્યા છે.ત્યારે કર્મચારીઓએ પોતાની માંગણીઓનો નિવેડો આગામી તા. ૧૦ માર્ચ સુધીમાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

આરોગ્ય વિભાગના સમાન કેડરના સમાન વર્ષોથી કામગીરી કરતા કર્મચારીની સરખામણીએ ૭૦ ટકાથી ઓછો પગાર મળે છે. જેને પગલે આવી કારમી મોંઘવારીમાં જીવન નિર્વાહ કરવું પણ મુશ્કેલ બન્યું છે. ત્યારે કરારબધ્ધ કર્મચારીઓને કાયમી કરવા, ખાતાકીય પરિક્ષાનું આયોજન કરીને પરિક્ષા આપી પાસ થનાર કર્મચારીઓને કાયમી કરવા, એરીયર્સની રકમની ચુકવણી કરવી, સમાન વેતન અને સમાન રજાઓ આપવી, તમામ કર્મચારીઓના ઈપીએફના ખાતા ખોલવામાં આવે, પાંચ વર્ષથી વધુ સમયથી સેવા બજાવતા કર્મચારીઓ ઉંમર કે અશકતાને કારણે સેવા બજાવી ન શકતા હોયતેવી સ્થિતિમાં યોગ્ય વળતર આપી સેવામુકત કરવા, કર્મચારીઓની સેવાપોથી બનાવવામાં આવે, જિલ્લા ક્ષય મીટીંગમાં સંઘના બે અને સંઘ સભ્યોમાંથી બે સભ્યોને મીટીંગમાં ઉપસ્થિત રાખવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# શહેરમાં ૪૦૦ જુના ટ્રી ગાર્ડનો ફરીવાર ઉપયોગ કરતા પ્રકૃતિપ્રેમી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં જુના અને જર્જરીત થઈ ગયેલા ૪૦૦ થી વધુ ટ્રી ગાર્ડનો ફરીવાર ઉપયોગ કરીને અન્ય વૃક્ષોને સલામતી આપવામાં આવી છે. આ વેસ્ટમાંથી બેસ્ટ કરનાર પ્રકૃતિ પ્રેમી શહેરના જાણીતા કોર્પોરેટર છે. પર્યાવરણ પ્રત્યે જાગૃતિ દાખવનાર કોર્પોરેટર નાઝાભાઈએ વિવિધ સેકટરમાંથી મોટા થઈ ગયેલા વૃક્ષમાંથી ટ્રી ગાર્ડ નીકાળી અન્ય નાના વૃક્ષોને લગાડી સલામતી પુરી પાડી છે.



ગાંધીનગર શહેરના નાનકડા વૃક્ષોની સલામતી માટે તંત્ર દ્વારા ટ્રી ગાર્ડ લગાડવામાં આવે છે. આ ટ્રી ગાર્ડ પ્રજાના પૈસામાંથી લગાવવામાં આવે છે. ત્યારે વૃક્ષના થડીયા મોટા થઈ જતા ટ્રી ગાર્ડ તુટી જાય છે તેમજ જુના અને જર્જરીત થઈ જતા તુટી પણ જાય છે. ત્યારે આવી પરિસ્થિતિ વચ્ચે ગાંધીનગર શહેરના કોર્પોરેટર નાઝાભાઈએ ગાંધીનગર શહેરના સેકટર-૨, ૭, ૧૨, સહિતના સેકટરોમાંથી જુના મોટા થઈ ગયેલા વૃક્ષોમાંથી ટ્રી ગાર્ડ નીકાળી અન્ય સેકટરમાં વાવેલા નાના વૃક્ષોની સલામતી માટે ટ્રી ગાર્ડ લગાવ્યા છે. જુના ટ્રી ગાર્ડનો ફરીવાર ઉપયોગ થતા પ્રજાના પૈસાનો પણ બચાવ થયો છે. વેસ્ટમાંથી બેસ્ટ કરીને પર્યાવરણના જતન માટે આ પ્રકૃતિ પ્રેમીએ એક નવો રાહ ચીંધ્યો છે. ત્યારે શહેરના નાગરીકે પણ ઘરની આસપાસ જુના ટ્રી ગાર્ડ નજર આવે તો તે ટ્રી ગાર્ડનો ફરીવાર ઉપયોગ કરીને નાના વૃક્ષોનું વાવેતર કરીને તેને સલામત રાખી શકાય છે.



ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આજે મહિલા-બાળ વિકાસ અને આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે બેટી બચાવો બેટી પઢાવો કાર્ય શિબિરનું આયોજન કરાયુ હતુ. આ કાર્યશિબિરનું જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા અને અન્ય અધિકારીઓએ દીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો તે પ્રસંગની તસવીર.

# ગોકુળપુરા છાપરામાં જુગાર રમતા ત્રણ જુગારીયા ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૮

વાવોલ નજીકના ગોકુળપુરા છાપરા ખાતે જુગાર રમતા ત્રણ જુગારીયાઓને રેડ કરી પોલીસે પકડી પાડ્યા હતા. જેમાં પોલીસો ૧૦,૦૬૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગાંધીનગર નજીકના વાવોલ ગામે વાવોલ પોલીસ ચોકી છે. રવિવારે બપોરે ચોકીના પોલીસકર્મીઓને જુગાર અંગે બાતમી મળી હતી જે બાતમીના આધારે પોલીસો ગોકુલપુરા છાપરા ખાતે રેડ કરી હતી. પોલીસને જોતા જ જુગારીઓમાં ભારે નાશભાગ થઈ ગઈ હતી. જેમાં ત્રણ જુગારીયાઓ પકડાઈ ગયા હતા જ્યારે ત્રણ-ચાર શખ્સો ભાગી ગયા હતા. પોલીસો ઝડપેલા ત્રણેય શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. જો કે નવાઈની વાત તો એ છે કે ભાગી ગયેલા ઈસમો સામે કોઈ ગુનો નથી નોંધાયો.

પોલીસે ઘટના સ્થળેથી ગોકુલપુરાના છાપારમાં રહેતા અરવિંદ પ્રહલાદ દંતાણી, વિજય કિશનભાઈ દંતાણી, દિનેશ ગોવિંદ જાદવને ઝડપીને તેમની પાસેથી રૂ. ૨૦૬૦ રૂપિયા રોકડા અને બે મોબાઈલ મળી કુલ ૧૦,૦૬૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ત્રણેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે નાશી છૂટેલા આરોપીઓને પકડી પાડવા કોઈ પગલા ન લેતા અનેક તર્ક-વિતર્કો ઉભા થવા પામ્યા છે.



## સ્વસ્તિક સોસાયટી સે-૨૭માં સ્નેહમિલન સમારંભ યોજાયો

સ્વસ્તિક સોસાયટી, સેકટર-૨૭નો સ્નેહમિલન સમારંભ દર વર્ષની જેમ તા. ૨૬મી જાન્યુઆરીએ સોસાયટીના કોમન પ્લોટમાં યોજાયો હતો જેમાં સોસાયટીના રહેવાસીઓ ઉમળકાભેર જોડાયા હતા. ૭૫ વર્ષથી મોટી ઉંમરના વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ અમૃતભાઈ સોનીએ સૌનું સ્વાગત કર્યું હતું જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભગુભાઈ પરમારે કર્યું હતું.

## અબ્બાસ તૈયબજીની જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાશે

સ્વાતંત્ર્ય સેનાની અબ્બાસ શમશુદીન તૈયબજીની ૧૬૬ મી જન્મ જયંતી નિમિત્તે આગામી તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ગુજરાત વિધાનસભા ખાતે પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. શુક્રવારે સવારે ૧૧ કલાકે યોજાનાર આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જનતાને જણાવાયું છે.

# સ્થાવર મિલકતની તબદીલી માટે હવે નિયત સ્ટેમ્પ ડ્યુટી-નોંધણી ફી ઈ-પેમેન્ટથી ભરી શકશે

ગાંધીનગર, તા. ૨૮

સ્ટેમ્પ ડ્યુટી ચૂકવણીમાં નાગરિકોને વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે નોંધણીપાત્ર દસ્તાવેજોમાં સ્ટેમ્પ ડ્યુટી સરળતાથી ગમે તે સમયે અને સ્થળેથી ઓનલાઈન ઈ-પેમેન્ટના માધ્યમથી ચૂકવી શકે તે માટે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ઈ-પેમેન્ટ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ નવીન ઈ-પેમેન્ટ પદ્ધતિમાં નાગરિકોએ આ મુજબની કાર્યપદ્ધતિ અનુસરવાની રહે છે જેમાં પક્ષકારે garvi.gujarat.gov.in સાઈટ પર Public Data Entry લિંક પર જરૂરી વિગતો ભરીને પોતાનું લોગ-ઈન-આઈ.ડી.બનાવવાનું રહેશે. નિયત લોગ-ઈન આઈ.ડી.ની મદદથી લોગ-ઈન થઈને પક્ષકારે વેચાણ થતી મિલકતને લગતી જરૂરી વિગતો ભર્યેથી ઓનલાઈન ઈ-પેમેન્ટની નવી સુવિધાથી સ્ટેમ્પ ડ્યુટી ઈન્ટરનેટ માધ્યમથી ઘેર બેઠાં પોતાની જાતે પોતાના અનુકૂળ સમયે ચુકવી શકશે. ઈ-પેમેન્ટથી સ્ટેમ્પ ડ્યુટી ભર્યા અંગેના ઈ-ચલનની પ્રિન્ટ કાઢીને પક્ષકારે દસ્તાવેજની નોંધણી માટે સંબંધિત સબ-રજીસ્ટ્રાર કચેરીમાં જવાનું રહેશે. પક્ષકાર તરફથી રજુ થતા ઈ-ચલનનું સબ-રજિસ્ટ્રારશ્રી દ્વારા ઓનલાઈન વેરીફિકેશન કરવામાં આવશે તથા અન્ય કોઈ વ્યક્તિ ઈ-ચલનનો ફરી વાર દુરઉપયોગ ન કરી શકે તે માટે સબ-રજિસ્ટ્રારશ્રી દ્વારા ઈ-ચલનને ગરવી વેબ એપ્લિકેશન મારફતે તુરંત જ લોક કરી દેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી નોન જ્યુડિશયલ સ્ટેમ્પ પેપર, ફ્રેકીંગ મશીન તથા ઈ-સ્ટેમ્પીંગ સર્ટીફીકેટ દ્વારા કરી શકાય છે. હાલની આ પદ્ધતિમાં (૧) નોન જ્યુડિશયલ સ્ટેમ્પ પેપર માટે પક્ષકારોએ લાયસન્સી સ્ટેમ્પ વેન્ડરનો સંપર્ક કરવાનો થાય છે. જેમાં નિયત ડીમોનેશનના દા.ત. રૂ.૫૦,૧૦૦,૫૦૦,૧૦૦૦ વિગેરે સ્ટેમ્પ પેપર મળી શકે છે. (૨) ફ્રેન્કીંગ સ્ટેમ્પ માટે લાયસન્સ હોલ્ડર બેંકનો સંપર્ક કરવાનો થાય છે. (૩) ઈ-સ્ટેમ્પીંગ સર્ટીફીકેટ માટે પણ ઈ-સ્ટેમ્પીંગ સુવિધા કેન્દ્ર ઉપર રોકડ, બિન રોકડ જેમાં ચેક, ડી.ડી, પે ઓર્ડર, નેટ બેન્કીંગ, RTGS, NEFT, Account Transfer વગેરે લઈને રૂબરૂ જવાનું હોય છે. આ ત્રણેય પદ્ધતિઓમાં નિયત સ્થળ ઉપર કામકાજના નિયત સમય દરમિયાન જ સ્ટેમ્પ મળી શકે છે તેમ, સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## વાઘાણીનો દિલગીરી વ્યકત કરી વિવાદ ખાળવા પ્રયાસો

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી દ્વારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી વિરૂદ્ધ વિવાદીત ટિપ્પણી કર્યા બાદ કોંગ્રેસ આક્રમક મૂડમાં આવી ગઈ છે. બીજીબાજુ, વિવાદને ખાળવાના ભાગરૂપે જીતુ વાઘાણીએ દિલીગીરી વ્યકત કરવાની સાથે સાથે કોંગ્રેસ પર આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસે તેમના કહેવાનો ખોટો અર્થ એટલે કે, ખોટું અર્થઘટન કર્યું છે. વાઘાણીની ફરી એક વાર જીભ લપસી જતાં ભારે વિવાદ અને ટીકાનો મારો થતાં આખરે તેમણે દિલગીરી વ્યક્ત કરીને મામલો સંકેલવાનો પ્રયાસ કર્યો હતો. ગઈકાલે રાધનપુર ખાતે ગુજરાત ભાજપ યુવા સંમેલનમાં જોશમાં આવી જઈ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને તેમના માતા સોનિયા ગાંધીને સંબોધી સ્તનપાન વિશે અભદ્ર ટિપ્પણી કરી હતી.

# ચિલોડા પ્રાથમિક શાળા ખાતે દિવ્યાંગ બાળાના હસ્તે ધ્વજવંદન

ચિલોડા, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળાના પટાંગણમાં ૭૦માં પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ રાષ્ટ્રીય પર્વમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં દેશભક્તિના રંગે રંગાઈ દેશપ્રેમ વ્યક્ત કર્યો હતો.



આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતી દિવ્યાંગ બાળા પલકબેન ઠાકોરે ધ્વજવંદન કર્યુ હતુ. આ પ્રસંગે ચિલોડા સેવા સહકારી મંડળીના ચેરમેન જૈમિન પટેલના પિતા સ્વ. જગદીશભાઈ પટેલના સૌજન્યથી શાળાના તેજસ્વી તારલાઓને શિલ્ડ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ગામના અગ્રણી અને વકીલ વિષ્ણુભાઈ સી. પટેલ તરફથી બાળકોને પેન, ચોપડા અને પ્રસાદ ભેટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના બાળકોએ અનોખી રીતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે શાળાના એમ.એસ.સી.ના અધ્યક્ષ તખતસિંહ, શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ તથા સભ્યો, ગ્રામજનો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

